# ૫. તેજુ - નીલનો પુકુ



મોટું એવું એક શહેર. શહેરની બહાર મોટી નદી. નદીને કાંઠે એક બંગલો. નીલ અને તેજુ ત્યાં રહેતાં. એમના ઘરે એક પાળેલો કૂતરો હતો. તેનું નામ પુકુ.

ઘરનાં બધાંને પુકુ ગમે. પુકુને નીલ વગર અને નીલને પુકુ વગર જરાય ન ગમે. એ બેઉ પાકા ભાઈબંધ. તેજુ અને નીલ નિશાળે જાય ત્યારે પુકુ આગળ ચાલવા માંડે. નીલ એને સમજાવે. માથે હાથ ફેરવે ત્યારે એ પાછો ઘેર જાય. સાંજે એમને આવતાં જુએ એટલે સામે જઈને નીલને એ ચોંટી પડે અને ગેલ કરવા માંડે.

ભાઈબહેન બાગમાં રમવા જાય એટલે પુકુ ત્યાં કૂદાકૂદ કરી મૂકે. પછી નીલ દડો ફેંકે એટલે એ દોડીને મોંમાં દડો લઈને નીલને પાછો આપે. તેજુ દડો ઊંચો ઉછાળે તો ક્યારેક એ મોંથી ઝીલી પણ લે.

પુકુને પાણીમાં પડવાની બહુ મજા આવે. સૌ નદીકાંઠે ફરવા જાય ત્યારે નીલ એની નાની લાકડી પાણીમાં ફેંકે. પુકુ કૂદીને પાણીમાં જાય અને મોંમાં લાકડી લઈ તરતો તરતો પાછો આવે.

ક્યારેક નીલ અને ક્યારેક તેજુ એને જાતે નવડાવે. એના વાળ ઉપર પાઉડર પણ છાંટે અને એને વેળાસર ખવડાવવાનું તો એ બેઉ કદી ભૂલે જ નહિ. દિવસ અને રાત પુકુ આખા ઘરનું ધ્યાન રાખે. કોઈ અજાણ્યો માણસ આવી ચડે તો તરત જ એ ભસવા માંડે.

એકવાર નીલ માંદો પડ્યો. બે ત્રણ


દિવસ સુધી પુકુ ત્યાંથી જરાય આઘો ન ગયો. એ પાસે જ બેસી રહ્યો. નીલનાં બા અને બાપુજી એને ખાવા બોલાવે તોય એ ઊભો ન થાય. પછી નીલ એને પોતાની પથારી પાસે બોલાવીને ખાવાનું આપે ત્યારે જ તે ખાય.

ઘરમાં કોઈ મહેમાન આવ્યા હોય તો પુકુ આવીને વચ્ચે બેસી જાય અને જાણે વાતો સાંભળતો હોય એમ કાન ઊંચા કરીને સામે જોયા કરે.

એકવાર નીલના ઘરે એનો ભાઈબંધ રમવા આવ્યો. પુકુ એની પાસે ગયો અને એને પગે મોં અડાડીને વહાલ કરવા લાગ્યો. ભાઈબંધ તો બી ગયો. ‘વોય બાપ રે’ કરતો નાઠો. નીલે તેને કહ્યું, ‘દોસ્ત, બીએ છે શા માટે ? એ કાંઈ કરડશે નહિ. એ તો તને વહાલ કરે છે. પછી જરાક હાથ ઊંચો કરીને નીલ બોલ્યો, ‘પુકુ, તોફાન કેમ કરે છે ? ચાલ્યો જા અહીંથી.’ એને જાણે અપમાન લાગ્યું હોય એમ પુકુ ટેબલ નીચે ભરાઈ ગયો પછી નીલે ખૂબ વહાલ કર્યું ત્યારે જ એ બહાર નીકળ્યો.

રાતે ઘરમાં સૌ નિરાંતે ઊંઘી જાય ત્યારે પુકુ જાગે અને ઘરની ચોકી કરે. એકવાર એણે જ તેજુને બચાવેલી. રાતનો વખત હતો. બાગમાંના હીંચકા ઉપર બેઠી બેઠી તેજુ ગાતી હતી. ત્યાં પુકુ એકદમ મોટે મોટેથી ભસવા લાગ્યો. નીલના બાપુજીએ બહાર આવી જોયું તો કોઈ ન હતું. પછી પુકુ એમને હીંચકા બાજુ ખેંચી ગયો. જોયું તો હીંચકા પાસેથી એક મોટો કાળો સાપ જતો હતો. ખબર પડતાં બાગનો માળી સાણસો લઈને દોડી આવ્યો અને સાપને પકડીને જંગલમાં મૂકી આવ્યો.

તે દિવસે ઘરનાં બધાંએ પુકુને થાબડી એને ખૂબ ખૂબ શાબાશી આપી. નીલ તો આ વાત જાણીને એને બાઝી પડ્યો અને બોલ્યો, ‘‘વાહ રે મારા પુકુડા ! શાબાશ છે દોસ્ત, તને !’’



## શબ્દાર્થ

ભાઈબંધ – મિત્ર, દોસ્ત ; ગેલ – રમત, મજા ; ઝીલવું – પકડવું ; વેળાસર – સમયસર; માંદો – બિમાર ; આઘો – દૂર, લાંબે ; નિરાંત – શાંતિ ; સાણસો – ચીપિયો (મોટો)

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- પ્રાણીઓ અને તેમની ઉપયોગિતા વિશે ચર્ચા
- વધારે પાળવામાં આવતાં પ્રાણીઓ બાબત ચર્ચા
- નીલ અને પુકુની દોસ્તીને ધ્યાનમાં રાખી પ્રશ્નોત્તર
- કૂતરા સિવાય અન્ય પ્રાણીઓને પાળવા બાબત ચર્ચા
- વર્ગનાં બાળકોએ કોઈ પ્રાણી પાળ્યાં હોય તો તે બાબત ચર્ચા

## સ્વાધ્યાય



સ. ૧ કહો કોણ ?

૧) નીલની બહેન – ..........................................................

૨) તેજુનો ભાઈ – ..........................................................

૩) માંદા નીલ પાસે બેસી રહેનાર – ..........................................

૪) પુકુના મોટેથી ભસવાથી બહાર આવનાર – ..............................

સ. ૨ પૂર્ણ વાક્યમાં જવાબ લખો.

૧) પુકુ સૌથી વધુ વહાલ કોને કરતો ?
જવાબ : ..........................................................

૨) પુકુ ઘરનું ધ્યાન ક્યારે રાખતો ?
જવાબ : ..........................................................

૩) પુકુએ તેજુને કોનાથી બચાવી ?
જવાબ : ..........................................................

સ. ૩ કોણ શું કરે ? જવાબ કૌંસમાંથી પસંદ કરો.

દા.ત. કૂતરો – ભસે છે.

(ભાંભરે, ગાગંરે, હણહણે, ગર્જના કરે, ભૂંકે, બેં બેં કરે, ત્રાડે, રણકે)

| | | | |
|---|---|---|---|
| ૧) ગાય | – .................... | ૨) ભેંસ | – .................... |
| ૩) ઘોડો | – .................... | ૪) સિંહ | – .................... |
| ૫) ગધેડો | – .................... | ૬) બકરી | – .................... |
| ૭) ઊંટ | – .................... | ૮) વાઘ | – .................... |

સ. ૪ વિરોધી અર્થવાળા શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) મોટું | × .................... | ૨) શહેર | × .................... |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩) | બહાર | × | .................... | ૪) | આગળ | × | .................... |
| ૫) | દિવસ | × | .................... | ૬) | માંદો | × | .................... |
| ૭) | ઊંચો | × | .................... | ૮) | દોસ્ત | × | .................... |

સ. ૫ તમને કયા પ્રાણીને પાળવું ગમે ? શા માટે ?
તેની મૌખિક ચર્ચા આપસમાં કરો અને પ્રાણીઓનાં નામ લખો.

### વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | તેજુ | – | .................... | ૨) | ધ્યાન | – | .................... |
| ૩) | અજાણ્યો | – | .................... | ૪) | ત્યારે | – | .................... |
| ૫) | રહ્યો | – | .................... | ૬) | વચ્ચે | – | .................... |
| ૭) | દોસ્ત | – | .................... | ૮) | નીકળ્યો | – | .................... |

### ઉપક્રમ

પાળેલાં અને જંગલી પ્રાણીઓનાં ચિત્રો ભેગાં કરી પ્રોજેક્ટબુકમાં ચોંટાડો.


### હું વાંચું .... તમે પણ વાંચો



**મારો ડોગી ‘ચોકો’**

મારો એક ડોગી, નામ એનું ‘ચોકો’,
વ્હાલ કરવાનો એ ; ચૂકે નહીં મોકો.
આખો દિવસ કરે દોડમદોડ, ખોવાય દડો, તો કરે શોધમશોધ.
એને ફરવાનું ગમે ; જ્યાં હોય ઘણા લોકો ;
મારો એક ડોગી ; નામ એનું ‘ચોકો’.
એના સોનેરી વાળ અને લાંબા છે કાન ;
ખાવાના ટાણે એ કરે તોફાન,
ચાવી લે બધું ; જ્યાં મળે એને મોકો,
મારો એક ડોગી, નામ એનું ‘ચોકો’.
દોડી દોડીને મને લાડમાં એ ચાટે,
ધમકાવો એને તો માઠુંયે લાગે,
એટલો એ મીઠ્ઠો, ના જડે એનો જોટો.
મારો એક ડોગી, નામ એનું ‘ચોકો’....

– મેહુલ બુચ



**મૂંગાં પ્રાણીઓ આપણા ઉત્તમ મિત્રો છે.**